આઇઆઇટીના પ્રોફેસરે બનાવી

# પેરાલિસિસના પેશન્ટ માટે એક્સરસાઇઝ ગેમ



**અમદાવાદ : ૨ ઓગસ્ટ ૨૦૧૩**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર ઉત્તમા લાહિરીએ પેરાલિસિસ બાદ લેવામાં આવતી ફિઝિયોથેરાપી ટ્રિટમેન્ટમાં ગેમના માધ્યમથી ફાયદો થઇ શકે છે તે વિષય પર રિસર્ચ અને મોડલ તૈયાર કર્યું છે. સામાન્ય રીતે પેરાલિસિસનો એટેક બાદ હાથની ટ્રિટમેન્ટ માટે ફિઝિયોથેરાપિસ્ટ પાસે જવું પડે છે. ઉત્તમા લાહિરીએ તૈયાર કરેલી ગેમમાં જેવી રીતે આપણો હાથ કસરત કરે છે તેવી ગેમની મદદથી હાથ ડિવાઇસ સાથે કસરત કરશે. જેમાં હાથથી કારને અલગ અલગ ટ્રેક પર દોડાવવામાં આવશે જેથી હાથ મૂવમેન્ટ કરશે. જેમ આગળના લેવલ તરફ જઇશું તેમ હાર્ડ ટ્રેક આવતાં જશે પરિણામે હાથને વધુ સાવધાનીથી કસરત કરવી પડશે. જો કોઇને બ્લડ પ્રેશરનો પ્રોબ્લેમ થશે તો હાયર લેવલ વખતે ઓટોમેટિક કમ્પ્યુટર દ્વારા ગેમનું લેવલ નીચું લાવી દેવામાં આવશે.